
# રેપો અને રિવર્સ રેપોરેટમાં ઘટાડો

**RBIની દિવાળી ભેટ : વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો : રેપોરેટને ૫.૪૦ ટકાથી ઘટાડી ૫.૧૫ ટકા કરાયો, હોમલોન, ઓટોલોન સસ્તી થશે : રિવર્સ રેપો રેટ ૦.૨૫ ટકા ઘટીને ૪.૯ ટકા કર્યો, ચાલુ વર્ષે સળંગ પાંચમી વખત રેપો રેટમાં ઘટાડો કરાયો, રીઝર્વ બેન્કેજીડીપીનું અનુમાન ઘટાડી ૬.૧ ટકા જાહેર કર્યુ : આરબીઆઈની એમપીસીની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો કરાયા : સીઆરઆર યથાવત**



મુંબઈ,તા. ૪

ભારતીય રિઝર્વ બેંકે આજે નાણાંકીય વર્ષની તેની ચોથી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. ધારણા પ્રમાણે જ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે રેપો રેટ હવે ઘટીને ૫.૧૫ ટકા થઈ ગયો છે. રેટ ઘટી જતા લોન પણ હવે સસ્તી થઈ રહી છે. જેથી સામાન્ય લોકોને રાહત મળનાર છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટને ઘટાડીને ૪.૯ ટકા કરવામાં આવ્યો છે. છ સભ્યોની કમિટી દ્વારા નાણાંકીય વર્ષ માટે જીડીપી ટાર્ગેટ સુધારીને અગાઉના ૬.૯ ટકાની સરખામણીમાં ૬.૧ ટકા કર્યો છે. તમામ અર્થશાસ્ત્રીઓ પહેલાથી જ કાપની અપેક્ષા રાખી રહ્યા હતા.

આરબીઆઈએ સામાન્ય લોકોને મોટી રાહત આપી છે. જેથી તમામ પ્રકારની હોમ અને અન્ય લોન સસ્તી થશે. આરબીઆઈએ સામાન્ય લોકો અને કંપનીઓને મોટી રાહત આપી દીધી છે. સતત પાંચમી વખત રિઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા પાંચમી વખત વ્યાજદરમાં ઘટાડો કરાયો છે.આજના ઘટાડા પહેલા સુધી રેપોરેટમાં ૧૧૦ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઓગસ્ટ મહિનામાં રિઝર્વ બેંકે ઉલ્લેખનીયરીતે ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા હતા. ઓગષ્ટ મહિનામાં એમપીસી દ્વારા પોલીસી રેટમાં ૩૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કર્યો હતો. ભારતીય રિઝર્વ બેંકે ઓગષ્ટ મહિનામાં નાણાંકીય વર્ષની તેની ચોથી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકમાં રેપોરેટમાં ૦.૩૫ ટકાનો ઘટાડો કર્યો હતો.

## અયોધ્યા કેસ મામલે દલીલોની મહેતલ સુપ્રીમે એક દિવસ ઘટાડી

**૧૮ ઓક્ટોબરના બદલે હવે ૧૭મી સુધીમાં દલીલો પૂર્ણ કરવાની રહેશે : ચુકાદાને લખવામાં ૪ સપ્તાહ લાગી શકે**



નવી દિલ્હી, તા. ૪

અયોધ્યા જમીન મામલામાં સુનાવણીની તારીખ આજે સુપ્રીમ કોર્ટે એક દિવસ ઘટાડી દીધી હતી. સુપ્રીમ કોર્ટે એક દિવસનો સમય ઘટાડીને તમામ પાર્ટીઓને ચર્ચા ૧૭મી ઓક્ટોમ્બર સુધી પુર્ણ કરવા માટેના આદેશ જારી કર્યા છે. કોર્ટે સુનાવણીનો દિવસ એક દિવસ ઘટાડીને તમામ પક્ષોને કહ્યું છે કે, કોર્ટની સુચનાને પાળવામાં આવશે તેવી આશા તેઓ રાખે છે. ૧૭મી સુધીમાં પોતાના તર્ક રજુ કરવા માટે તમામને કહેવામાં આવ્યું છે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બંધારણીય બેંચ આ મામલામાં સુનાવણી કરી રહી છે. ચીફ જસ્ટીસની અવધી ૧૭મી નવેમ્બર પૂર્ણ થઈ રહી છે. અયોધ્યાના મામલામાં સુપ્રીમ કોર્ટ દ્વારા સતત સુનાવણી કરવામાં આવી રહી છે. હિન્દુ પક્ષકારોએ ૧૬ દિવસની દલીલો રજુ કરી દીધી છે. હવે મુસ્લિમ પક્ષો તરફથી દલીલો કરવામાં આવી રહી છે. ૧૭મી ઓક્ટોબર સુધી તમામ પક્ષોની દલીલોને પૂર્ણ કરવામાં આવનાર છે. ત્યારબાદ જજોને ચાર સપ્તાહનો સમય મળશે. જેથી ચુકાદો લખી શકાશે.

## ઑર્બિટરે કેટલીક કિંમતી અને મહત્ત્વની ધાતુઓ શોધી કાઢી

બેંગ્લુરુ,તા.૪

ભારતના મહાત્વાકાંક્ષી મિશન ચંદ્રયાન-૨ના લેન્ડર વિક્રમનું ભલે સોફ્ટ લેન્ડિંગ ના થઈ શક્યુ હોય પણ ચંન્દ્રની ભ્રમણકક્ષામાં ભ્રમણ કરી રહેલું ઓર્બિટરે કમાલ કરી બતાવી છે. આ ઓર્બિટરે ચંન્દ્રની સપાટી પર કેટલીક અત્યંત કિમતી અને મહત્વની ધાતુઓ શોધી કાઢી છે.

## પીએમસી બેંક કૌભાંડ મામલે છ સ્થળો પર ઈડીના દરોડા

**મનીલોન્ડરિંગ એક્ટ હેઠળ ક્રિમિનલ ફરિયાદ દાખલ થયા બાદ છ સ્થળ ઉપર દરોડા પડ્યા : સમગ્ર મામલામાં મનીલોન્ડરિંગ કેસ દાખલ**

મુંબઈ,તા.૪

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આજે મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં છ જગ્યાઓએ દરોડા પાડ્યા હતા. પીએમસી બેંક કૌભાડના મામલામાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક કેસમાં છેતરપીડીના મામલામાં તપાસ કરવાના હેતુસર કાર્યવાહી ચાલી રહી છે. ઈડી દ્વારા દરોડા પાડીને મનીલોન્ડરિંગ કેસ દાખલ કર્યો છે. અધિકારીઓએ કહ્યું છે કે, દરોડા ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ પાડવામાં આવ્યા હતા. કેન્દ્રિય સંસ્થા દ્વારા તપાસ ચાલી રહી છે. ઈડીએ શુક્રવારે મુંબઈના ૬ ઠેકાણા પર પણ દરોડા પાડ્યા હતા. રાકેશ અને સારંગ વાધવાનની મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગે ગુરુવારે ધરપકડ કરી છે. ઈઓડબ્લ્યુની એફઆઈઆરના આધારે ઈડીને કેસ નોંધી લીધો છે. એનપીએ ઓછું બતાવવા અને અન્ય કંપનીઓના દેવાની વાસ્તિવક રકમ છુપાવવાના કારણે આરબીઆઈએ પીએમસી બેન્ક પર ૬ મહિનાનો પ્રતિબંધ લગાવી દીધો હતો. બેન્કના સસ્પેન્ડેડ એમડી જોય થોમસે આરબીઆઈને પત્ર લખીને જણાવ્યું કે, એચડીઆઈએલ પર પીએમ સીનો ૬૫૦૦ કરોડ રૂપિયાનું દેવું છે.




## અમીયાપુર પાસે એકટીવા સ્લીપ થતા ઘાયલ વૃધ્ધનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર અમિયાપુર બસ સ્ટેન્ડ પાસે એકટીવા સ્લીપ થઈ જતા આધેડ બેભાન થઈ ગયા હતા. બેભાન થઈ ગયેલા આધેડનું ૧૪ દિવસની સારવાર બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યું થયું છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

ચાંદખેડાના સહજ પ્લેટિનમ ફલેટ ખાતે રહેતા અને આરબીઆઈમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા પદમબહાદુર બલબહાદુર પુન (ઉં.વ.૫૮) ૧૭ સપ્ટેમ્બરના રોજ જતા હતા. ત્યારે પોણા બે વાગ્યાના સુમારે અમીયાપુર ગામના બસ સ્ટેન્ડ પાસે એકટીવા સ્લીપ થઈ જતા તેઓ બેભાન થઈ ગયા હતા. આધેડને શરીરે કોઈ બ્રાહ્ય ઈજાઓ થઈ ન હતી. તેમને સારવાર માટે પહેલા ગાંધીનગર સિવિલ ત્યારબાદ વધુ સારવાર ત્યાંથી ભાટ એપોલો હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં તેઓની ૧૫ દિવસ સારવાર ચાલ્યા બાદ પણ તેઓ બાનમાં ન આવતાતેઓને અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં બપોરે ૨ વાગે ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાને પગલે અડાલજ પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**ગાંધીનગર સિવિલમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડે.મેયરનો રાઉન્ડ**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત મહાનગર પાલિકાના ડે.મેયર નાજાભાઈ ઘાંઘર અને સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ રાઉન્ડ લીધો હતો. આ રાઉન્ડ દરમિયાન સિવિલના તાત્કાલીક વિભાગ અને સોનોગ્રાફી સહિત વિવિધ વોર્ડ અને ઓપીડી બિલ્ડીંગમાં સ્વચ્છતા અંગે ચકાસણી કરી હતી અને દર્દીઓને સુવિધા વિશે પુછપરછ કરી હતી. આ પ્રસંગે સિવિલના આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ, સહિત સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ચરેડી છાપરામાં ગાંધી જયંતિએ કોર્પોરેટર હર્ષાબા ધાંધલના સેવાકાર્યો

ગાંધીનગર, તા.૨

પૂ.મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા પોતાના વોર્ડ નં.૧ના ચરેડી વિસ્તારના ૫૭૨ અને આદિવાડા ગામના ૨૭૪ લોકોના સાત દિવસનો સ્થળ પર કેમ્પ રાખી 'આયુષ્યમાન-ભારત'ના કાર્ડ કઢાવી દરેકને રૂબરૂ આપ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પ્લાસ્ટીક મુકત ભારત અભિયાન' અનુસંધાને ગુજરાતના મુખયમંત્રી વિજય રૂપાણી અને મખ્યમંત્રી નિતિનભાઈ પટેલના સપનાને પૂર્ણ કરવાના આશયથી ચરેડીની ૨૫ તથા આદિવાડાની ૨૫ બહેનોને 'જયુટબેગો' આપી સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિસ્તારમાં સ્વચ્છતા અને પ્લાસ્ટીક મુકત જનજાગૃતિ અને પ્રતિજ્ઞા લેવાનો કાર્યક્રમ કર્યો હતો. ચરેડી વિસ્તારમાંથી વસાહતીઓ દ્વારા પ્લાસ્ટીક ભેગુ કરાવી ઉપયોગ ન કરવાની ખાત્રી સાથે સ્વચ્છતા અભિયાન પૂર્ણ કર્યુ હતું. 'શૌચ મુકત ભારત' અનુસંધાને સૌથી પ્રથમ આ વિસ્તારમાં ૨૫૦ શૌચાલય ઘરે ઘરે બનાવરાવી ૨૦ શૌચાલય વિસ્તાર પાસે મહાનગરપાલિકાને રજુઆત કરી બનાવરાવી, શૌચ મુકત વિસ્તાર જાહેર કર્યો હતો. આ કાર્યમાં ચરેડીનાં મહિલા મોર્ચાના કંચનબેન સોલંકી, કાનઉભાઈ ઠાકોર, જયંતિ કાંગસીયા અને આંગણવાડની બહેનો તથા વસાહતીઓનો ખૂબ સહકાર મળ્યો હતો.



ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી આઈઆઈટીના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા' કેમ્પેઈન અંતર્ગત બાસણ ગામને દત્તક લઈ સ્વચ્છતા જાગૃતિ લક્ષી વિવિધ કાર્યક્રમો હાથ ધર્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ઘન કચરાના નિયમન અંગે ગ્રામજનોને જાગ્રત કરવામાં આવી રહ્યા છે.

## શહેરમાં ૨૪ કલાકમાં મારામારીની બે બનાવ

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં મારામારીના બે બનાવ બનવા પામ્યા છે. જેમાં સેકટર-૨૯ શોંપીગ સેન્ટરમાં દુકાન ચલાવતા વડીલ પર પાસેની દુકાન માલિક મહિલાએ હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મહિલાએ વડીલ દુકાન માલિકની દુકાનના કાચ તોડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી છે.તો બીજા બનાવમાં સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં રહેતા બે ભાઈઓ પર તે જ વિસ્તારના પિતા-પુત્રોએ સામાન્ય બાબતે હુમલો કરતા સેકટર-૨૧ પોલીસ મથકે મારામારીની બે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૯ ખાતે રહેતા અને શોંપીગ સેન્ટરમાં દરજીની દુકાન ચલાવતા મહેમુદ હુસેન અબ્દુલકરીમ શેખ (ઉં.વ.૬૩) નિત્યક્રમ મુજબ શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં તેઓ ઘરે હતા. ત્યારે દુકાન આગળ પાન મસાલા ખાઈને કોઈ થુંક્યું હતું. જેને પગલે તેઓએ આસપાસમાં પુછતાજ કર્યા બાદ તેમની બાજુની દુકાનમાં આશાપુરા લેડીઝ ટેલર્સના માલિક જયાબેન કહ્યું કે તમે કોને બોલો છો. અમે પાન મસાલા ખાઈને થુંકયા નથી. કહી ઝઘડો કરવા લાગ્યા હતા. ફરીયાદી વડીલે ઝઘડો કરવાની ના પાડી તો જયાબેનની બે બહેનો તેમનો પક્ષ લઈને ઝઘડો કરવા લાગ્યા હતા. ગુસ્સે ભરાયેલા જયાબેને લોખંડની પાઈપથી ફરીયાદીની દુકાનનો કાચ તોડી નાંખ્યો હતો. ફરીયાદી એ કાચ તોડવાની ના પાડતા જયાબેને તેમને પાઈપ મારી હતી. ઘટના પગલે ફરીયાદીએ ૧૦૦ નંબર પર ફોન કરતા ત્રણેય બહેનો જતી રહી હતી અને ફરીયાદ કરશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવને પગલે મહેમુદ હુસેનની ફરીયાદને પગલે ૩ બહેનો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા કવાયત હાથ ધરાઈ છે.

તો બીજા બનાવમાં સેકટર-૨૪ શ્રીનગર સોસાયટી ખાતે રહેતા બે ભાઈઓ પર તે જ વિસ્તારમાં રહેતા પિતા-પુત્રો એ હુમલો કરી ગડદાપાટુનો માર માર્યો હતો. શ્રીનગર મકાન નં ૩૭૬માં રહેતા પ્રહલાદસિંહ અભેસિંહ સોલંકી (ઉં.વ.૨૦)એ નોંધાવેલી ફરીયાદ મુજબ ગુરુવારે રાત્રે સાડાનવ વાગ્યાના સુમારે તેમના ઘરે તેમના વિસ્તારમાં રહેતા શંભુસિંહ ઉદેસિંહ ચુડાવત પોતાના દિકરા પરબતસિંહ તેમજ પ્રદિપસિંહ સાથે આવ્યા હતા. તમે બંને જણા ગઈકાલે પ્રવિણસિંહ સાથે ઝગડામાં તેનો પક્ષ લઈને કેમ વચ્ચે પડ્યા હતા. કહી ત્રણેય જણાએ ગાળાગાળી કરી ફરીયાદી અને તેના ભાઈને ધોકા અને ગડદાપાટુનો મારમાર્યો હતો. સ્થાનિક નાગરીકો એકઠા થઈ જતા તેઓએ બંન્ને ભાઈઓને છોડાવ્યા હતા. ત્યારે ત્રણેય શખ્સોએ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મારને પગલે બંન્ને ભાઈઓને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરીયાદી પ્રહલાદને હાથે ફ્રેકચર થયાનું નિદાન થયું છે. યુવકે ત્રણેય પિતા-પુત્ર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



**હરિદ્વાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્લાસ્ટીક મુકત ભારત અભિયાન અંતર્ગત બેગ વિતરણ કરાઈ**

ગાંધીબાપુની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગ રૂપે થલતેજ કેમ્બે ગ્રાન્ડ ખાતે હેપ્પીનેસ યોગશાળામાં હરિદ્વાર મિત્ર મંડળ પરિવારના સભ્ય દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અભિયાન સાથે પ્લાસ્ટીક મુકત ભારત અભિયાનને સાકાર કરવા હેતુસર આજે કપડાંની બેગનુ ફ્રી વિતરણ કરવામાં આવ્યું. દરેકને પ્લાસ્ટીકની બેગ ન વાપરવા વિનંતી કરવામાં આવી.

## પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ

૪થી ઓક્ટોબર ૧૮૫૭એ કચ્છના માંડવી ખાતે જન્મેલા કે જેઓએ પોતાના બધા પૈસા, સમય, શિષ્યવૃત્તિ અને સાહિત્યિક શક્તિ ભારતમાતાને નિસ્વાર્થ ભાવે સમર્પિત કરી જીવનભર જન્મભૂમિને અંગ્રેજોથી મુક્ત કરવા સેવા આપી હતી અને જેમના અસ્થિઓને વર્ષ ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી-વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વિટ્ઝરલેન્ડથી જન્મભૂમિ પરત લાવ્યા હતા તેવા ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૩મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલ દ્વારા વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## સાબરકાંઠામાં વરસાદે વેરેલા વિનાશ બાદ ખેતીવાડા ખાતાના પોકળ દાવા

**તંત્ર કહે છે કે ૨૦ ટકા નુકશાન : ખેડૂતો કહે છે કે પાક નિષ્ફળ ગયો : સત્વરે સર્વે કરી ખેડૂતોને સહાય આપી દિવાળી સુધારવા માંગ**

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ધાર્યા કરતા પડેલા વધુ વરસાદને લઈને ખેડૂતોની હાલત ન ઘરના કે ન ઘાટના જેવી થઈ છે. અઠવાડીયા અગાઉ સાબરકાંઠામાં પડેલા આઠ ઈંચથી વધુ વરસાદને લઈ મગફળી, કપાસ, મકાઈ અને ડાંગરના પાકનો સોથ વળી ગયો છે. તો બીજી તરફ સરકાર રાજ્યમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયાના દાવા કરીને પાણીની અછત રહેશે નહી તેવુ જણાવી રહી છે. પરંતુ જગતના તાત કહેવાતા ખેડૂતોની હાલત ખુબજ કફોડી બની ગઈ છે. કારણ કે છેલ્લા વરસાદે મોટાભાગના પાકોને નિષ્ફળ કરી દીધા છે. જેથી સરકારે ખેતીવાડા ખાતાને પાકના નુકસાન અંગે સર્વે કરીને સત્વરે ખેડૂતોને પાક સહાય તથા પાક વીમાના નાણા ચુકવીને ખેડૂતોની દિવાળી સુધારવી જોઈએ.

આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં મગફળીનુ અંદાજે ૫૭ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ખેડૂતોએ વાવેતર કર્યુ હતુ. તેજ પ્રમાણે કપાસ અને દિવેલા તથા મકાઈનું પણ અંદાજે એક લાખ હેક્ટરથી વધુ જમીનમાં વાવેતર કરીને દિવાળી સારી જશે તેવા સોનેરી સપના જોયા હતા. પરંતુ વરસાદે સાબરકાંઠાના તમામ ખેડૂતોના આ સપના એક જ વરસાદને ઝાટકે ચકનાચુર કરી દીધા છે.

અઠવાડીયા અગાઉ સાબરકાંઠા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં પડેલા વ્યાપક વરસાદને લીને જમીનમાં પાકીને તૈયાર થયેલી મગફળી ફરીથી ઉગી ગઈ છે. કપાસની વાત કરીએ તો આગોતર વાવેતર કરાયેલ તમામ પાકના રૂ આવે તે પહેલા તેના જીંડવામાં ઈયળ પડી ગઈ છે. જોકે ખેડૂતોએ કપાસના પાકને બચાવવા માટે રાસાયણિક દવાઓ છાંટીને તેને બચાવવા માટે કરેલા પ્રયાસો લગભગ નિષ્ફળ ગયા છે. ઈડર તાલુકાના તથા હિંમતનગર અને પ્રાંતિજ તાલુકાના મગફળી, કપાસ, ડાંગર, મકાઈ અને દિવેલાનુ વાવેતર કરતા અગ્રણી ખેડૂતોનું કહેવુ છે કે આ વર્ષે વરસાદ ધારણા કરતા વધુ પડ્યો છે તે સારી બાબત છે.

પરંતુ પાછોતરા વરસાદે ખેડૂતોની હાલત ન કહેવાય કે ન સહેવાય જેવી કરી દીધી છે. ખાસ કરીને દર વર્ષે ખેડૂતો નવરાત્રી દરમ્યાન મગફળી પાકી જતી હોવાને કારણે તેને જમીનમાંથી બહાર કાઢી લે છે. પરંતુ આ વખતે નવરાત્રી પૂર્વે અને નવરાત્રી શરૂ થઈ તે ગાળામાં પડેલા વ્યાપક વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધુ છે. દિવેલામાં પણ વાવેતર કરાયા બાદ તેમાં પાણી ભરાઈ જતા તે પાક પણ નિષ્ફળ ગયો છે. ડાંગર દુધ અવસ્થામાં હોવાથી પવન અને વરસાદને કારણે તે પડી ગઈ છે. જેના લીધે ડાંગરમાં પોચ આવી જશે અને ઉત્પાદન પણ ઓછુ થઈ જશે.

જિલ્લા ખેતીવાડી અધિકારી વી.કે. પટેલે ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લામાં પાછોતરા વરસાદને કારણે ૨૦ ટકા નુકશાન થયાનો દાવો કર્યો છે. પરંતુ હકિકતમાં સરકારના આ અધિકારીઓ ગામડાઓમાં જી સીમાડાઓનું નિરીક્ષણ કરે તો સાચી હકિકત જાણવા મળી શકે તેમ છે. ખેડૂતોની માંગણી છે કે સરકારે નુકસાની અંગે સત્વરે સર્વે કરીને દિવાળી અગાઉ ખેડૂતોને પાક વીમો તથા સહાય ચુકવીને ખેતી પર નભતા પરીવારોની દિવાળી સુધારવાની જરૂર છે. જો સરકાર આ દિશામાં સત્વરે નિર્ણય નહી લે તો આગામી દિવસોમાં ખેડૂતોને આપઘાત કરવાની ફરજ પડે તો નવાઈ નહી.

## હિંમતનગર તાલુકાના ૨૨૬ અસરગ્રસ્તોને સહાય ચુકવાશે

સાબરકાંઠા જિલ્લામાં અઠવાડીયા અગાઉ પડેલા ભારે વરસાદને કારણે તેની સૌથી વધુ અસરો હિંમતનગર તાલુકામાં થઈ હતી. ભારે વરસાદને લીધે હિંમતનગર તાલુકામાં ૨૨૬ કાચા પાકા મકાનોને નુકસાન થયું હતું. તેમજ ૪૮ પશુઓના મોત નિપજયા હતા. જે અંગે જે તે વિસ્તારના અધિકારીઓએ ઉચ્ચ અધિકારીઓને અપાયેલી જાણકારી બાદ તંત્ર દ્વારા આ અસરગ્રસ્તોને આગામી અઠવાડીયામાં સહાય ચુકવી દેવાનો નિર્ણય લેવાયો છે.

હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિહં ચાવડાના જણાવાયા મુજબ અઠવાડીયા અગાઉ પડેલા ભારે વરસાદને લઈ તાલુકાના જાંબુડી, ચાંપલાનાર સહિતના અન્ય ગામોમાં અંદાજે ૧૩૨થી વધુ કાચા પાકા મકાનોને નુકસાન થયુ હતુ. દરમ્યાન વહરસાદ બંધ થઈ ગયા બાદ પણ કેટલાક મકાનોને નુકસાન થયુ હતું. જે અંગે ધારાસભ્યએ ઉચ્ચ કક્ષાએ કરેલી સફળ રજુઆત બાદ આ અસરગ્રસ્તોને સહાય ચુકવવા માટેનો નિર્ણય લેવાયો છે. જે મુજબ હિંમતનગર તાલુકામાં ૨૨૬ અસરગ્રસ્તો તથા ૪૮ પશુમાલિકોના પશુઓના થયેલા મોત બદલ તેમને વળતર અપાશે.